# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.:૧૧૦/૨૦૧૯-૨૦) ના ઉમેદવારો માટે

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર:૧૧૦/૨૦૧૯-૨૦) ની તા.૦૩/૦૧/૨૦૨૧ ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ થયેલ પરિણામને આધારે શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) માટે ઉત્તીર્ણ થતા કુલ-૧૭૭૨ ઉમેદવારોની શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) તા.૧૪/૦૬/૨૦૨૧ થી ૧૮/૦૬/૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ યોજાનાર છે જેની સંબંધિત તમામ ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી. ઉમેદવારોને તેમને જે દિવસ ફાળવવામાં આવે તે દિવસે સવારે ૦૪:૩૦ કલાકે સ્થળ ઉપર હાજર રહેવાનું થશે. શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) માટેના પ્રવેશપત્ર તથા પરિશિષ્ટ તા.૦૮/૦૬/૨૦૨૧ થી ડાઉનલોડ કરી શકાશે.

| SR.No. | Ground Name | 14h June | 15h June | 16h June | 17h June | 18h June | TOTAL |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ગુજરાત પોલીસ અકાદમી,કરાઇ,ગાંધીનગર | **298 (Female)** | **370 (Male)** | **370 (Male)** | **370 (Male)** | **364 (Male)** | **1772** |
| **Total** | | **298** | **370** | **370** | **370** | **364** | **1772** |

**નોંધ :-** ૧. ઉમેદવારોને ખાસ જણાવવાનું કે તેઓએ **Covid-19** માટે **RT-PCR** (૪૮ કલાકથી વધુ નહી સમયનો) / **Rapid Antigen test** (૨૪ કલાકથી વધુ નહી સમયનો) નેગેટીવ સાથેનો રીપોર્ટ ઉપરોક્ત સ્થળે તેઓના પ્રવેશપત્રમાં જે તારીખ ફાળવાયેલ હોય તે દિવસે અચૂક સાથે લઇને આવવાનો રહેશે, જેના વગર **PET/PST** માં પ્રવેશ મળશે નહી. જે ઉમેદવારોના **Covid-19 Report** પોઝીટીવ આવે તેવા ઉમેદવારો માટે **PET/PST** નું અલગથી આયોજન કરવામાં આવશે.

૨. ઉમેદવારે ગુજરાત પોલીસ અકાદમી, કરાઇનાં ગેટ નં-૦૨ ખાતેથી પ્રવેશ મેળવવાનો રહેશે. પરીક્ષાનાં દિવસે પરીક્ષાસ્થળ શોધવામાં તકલીફ ન પડે તે માટે પરીક્ષાસ્થળની અગાઉથી મુલાકાત લેવા સૂચન છે.

તા.૦૪/૦૬/૨૦૨૧